# કપડવંજ : રામપુરા તળાવ કોરૂંધાકોર ખેડૂતોની આંખોમાં 'પાણી' આવ્યાં

**કપડવંજ પંથકમાં**
પિયત વિના રવિ પાક મુરઝાવવાની ભીતિ

(પ્રતિનિધિ) કપડવંજ તા.27

કપડવંજ તાલુકાના રામપુરા વિસ્તારમાં આ વર્ષે ખેડૂતોની હાલત કફોડી બની છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ચોમાસાની સીઝનમાં ઓછો વરસાદ પડવાને કારણે નદીઓ અને તળાવો ખાલીખમ છે, જેમાં રામપુરા તળાવ પણ સૂકુંભઠ થઈ ગયું છે. તળાવમાં પાણીનો સંગ્રહ ન થતા રવિ પાકના વાવેતર પર જોખમ ઊભું થયું છે.


તસવીર: હરિશ જોષી

કપડવંજમાં પાણી વગર રવિ પાક નિષ્ફળ જવાની ભીતિ હાલમાં ખેડૂતોએ દિવેલા સહિતના અન્ય રવિ પાકોનું વાવેતર કર્યું છે, પરંતુ યોગ્ય પિયતના અભાવે આ પાક સુકાઈ જવાની ધારણા છે. ખેડૂતોની માગણી છે કે જો સરકાર દ્વારા ફાળવવામાં આવેલા તળાવો ભરવાની યોજના અંતર્ગત આ તળાવ સત્વરે ભરવામાં આવે, તો જ રવિ પાક બચાવી શકાય તેમ છે. જો વહેલી તકે પાણી નહીં મળે તો ખેડૂતોને આર્થિક રીતે મોટું નુકસાન જશે અને મોં સુધી આવેલો કોળિયો છીનવાઈ જશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તંત્ર પાસે માળખું હોવા છતાં ખેડૂતો તરસ્યા છે. આ વિસ્તારની સૌથી મોટી વિટંબણા એ છે કે સરકાર દ્વારા ખેતી માટે પાણીની પાઈપલાઈનો નાખવામાં આવી છે, પરંતુ આ લાઈનોમાં પાણી આવતું નથી. પાઈપલાઈન હોવા છતાં તેનો લાભ ન મળતા ખેડૂતોમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી રહી છે. તંત્ર દ્વારા આ પાઈપલાઈન વાટે તળાવ ભરવાની કામગીરી સત્વરે શરૂ કરવામાં આવે તેવી ખેડૂતોની પ્રબળ લાગણી છે. તળાવ સૂકા હોવાને કારણે માત્ર ખેતી જ નહીં, પણ આગામી સમયમાં આ વિસ્તારમાં પીવાના પાણીની પણ વિકટ સમસ્યા સર્જાઈ શકે છે.

## મેઘવા બડાપુરામાં ચાઈનીઝ દોરી સાથે શખસ પકડાયો

(પ્રતિનિધિ) આણંદ, તા. 27

ઉમરેઠના મેઘવા બડાપુરામાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરી વેચતા શખસને સ્થાનિક પોલીસે પકડી પાડ્યો હતો. આ અંગે પોલીસે તેની પાસેથી ફિકરી કબજે કરી જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધ્યો હતો.

ભાલેજ પોલીસે બાતમી આધારે મેઘવા ગામના મંદિર પાસેથી પુષ્પકકુમાર ઉર્ફે વિનયભાઈ કનુભાઈ તળપદા રહે,મેઘવાને દબોચી પાડયો હતો..જેની અંગજડતી કરતા પોલીસને પ્લાસ્ટીકની કોથળીમાંથી ત્રણ નંગ ચાઈનીઝ ફીરકીઓ કિમંત રૂ.900ની મળી આવી હતી.જે અંગે પોલીસે પકડાયેલ ગુનાખોર વિરૂધ્ધ ભાલેજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધી હતી. આણંદ જિલ્લા ચાઈનીઝ દોરી વેચતા શખસો સામે કડક હાથે કાર્યવાહી ચાલી રહી છે.

# લુણાવાડામાં યુવકની હત્યામાં પોલીસના હવામાં હવાતિયાં !

**એક સપ્તાહ વીત્યા**
છતાં પોલીસના હાથ ખાલી, હત્યારાઓ હજુ પણ બેખોફ!

(પ્રતિનિધિ) લુણાવાડા તા.27

મહિસાગર જિલ્લાના સાત તળાવ ગામે ખેડૂત યુવાનની કરપીણ હત્યાના મામલે એક અઠવાડિયું વીતી જવા છતાં પોલીસ હજુ પણ અંધારામાં ફાંફા મારી રહી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. આશાસ્પદ યુવાન સમીર પટેલની હત્યાના ભેદ હજુ સુધી અકબંધ રહેતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને પોલીસની કાર્યપ્રણાલી સામે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

મહિસાગરના સાત તળાવ ગામનો યુવાન ખેડૂત સમીર પટેલ રાત્રિ દરમિયાન પોતાના ખેતરમાં પાકના રક્ષણ માટે ગયો હતો. વહેલી સવારે તેની લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં અજાણ્યા શખ્સોએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી તેની નિર્મમ હત્યા કરી હોવાનું બહાર આવ્યું હતું.

આ ગંભીર ગુનાને ઉકેલવા માટે મહિસાગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ સહિતની અલગ-અલગ ટીમો કાર્યરત છે. પોલીસ દ્વારા હ્યુમન સોર્સ, ડોગ સ્કોડ અને ટેકનિકલ સર્વેલન્સની મદદ લેવામાં આવી રહી છે, તેમજ શંકાસ્પદ વ્યક્તિઓની પૂછપરછ પણ કરવામાં આવી રહી છે. જોકે, આટલા સઘન પ્રયાસો અને આધુનિક ટેકનોલોજી હોવા છતાં, હત્યારાઓ પોલીસ પકડથી જોજનો દૂર છે. પોલીસ હજુ સુધી એ હથિયાર પણ શોધી શકી નથી જેનાથી હત્યા કરવામાં આવી હતી.

ગ્રામજનોમાં ઉગ્ર અસંતોષ અને પોલીસની 'ઢીલી નીતિ' ઘટનાને સાત દિવસ જેટલો લાંબો સમય વીતવા છતાં મહીસાગર પોલીસને કોઈ મજબૂત કડી હાથ ન લાગતા લોકોમાં ચર્ચાઈ રહ્યું છે કે ક્રાઈમ ડિટેક્શનમાં પોલીસની નીતિ 'ઢીલી' રહી છે. આરોપીઓ ખુલ્લેઆમ ફરી રહ્યા હોવાથી ગ્રામજનોમાં ભય અને રોષનો માહોલ છે.

## બોરસદમાં ટેન્કર પાછળ કાર ઘુસી જતાં 1નું મોત

(પ્રતિનિધિ) આણંદ, તા. 27

બગોદરા વાસદ હાઈવે રોડ પર બોદાલ સીમ ભારત પેટ્રોલ પંપ આગળ સ્ટેયરીંગ પર કાબુ ગુમાવી બેઠેલ ફોરવ્હીલ ચાલક આગળ જતી ટેન્કરમાં ઘુસી ગયો હતો.જેમા ફોર વ્હીલ ચાલકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

સુરેન્દ્રનગર થોરીયાળીના રહેવાસી કિશનભાઇ જયરામભાઈ ગોઢકીયા સાડીના વેપાર અર્થે પત્ની અને બાળકો સાથે વડોદરા રહેતો હતો.કિશન વતન થોરીયાળી ગયો હતો. જ્યાંથી 25મીના રોજ વડોદરા પરત જવા નીકળ્યો હતો. ગાડીમાં કિશનભાઈનો નાનો દિકરો કાનો અને મોટાભાઈ અશોકભાઈ પણ સાથે હતા. કિશન ગાડી ચલાવતો હતો.જો કે, બગોદરા - વાસદ તરફના હાઈવે પર બોદાલ ગામના પાટીયાથી આગળ પેટ્રોલ પંપ પાસે અનહોની સર્જાઈ હતી.. ગાડી ડ્રાઈવ કરી રહેલા કિશનનું માથુ સ્ટેયરીંગ પર ઢળી પડયુ હતુ. જેથી સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી બેસતા કિશનભાઈની કાર આગળ જતી ટેન્કરમાં ઘુસી ગઈ હતી. આ કાળમુખો અકસ્માત સર્જાયો હતો. જેમાં કિશનભાઈ જયરામભાઈ ગોઢકીયા (ઉ.વ.40)ને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થતા સ્થળ પર જ મરણ ગયો હતો. જ્યારે અશોકભાઈ અને કાનાને નાની મોટી ઈજાઓ થતા બોરસદ શ્રધ્ધા હોસ્પિટલ સારવાર અર્થે ખસેડાયા હતા. આ અંગે મૃતકના મોટાભાઈ અશોકભાઈએ અક્સ્માતે ભોગ બનેલ કિશન જયરામભાઈ ગોઢકીયા વિરૂધ્ધ બોરસદ સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# લુણાવાડામાં 'મોત' બનીને ઉભેલું સુકાયેલું વિશાળ વૃક્ષ : તંત્ર બેદરકાર

**લુણાવાડાના વરધરી**
રોડ પર તંત્રની ઘોર બેદરકારી સામે સ્થાનિકોમાં રોષ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.27

લુણાવાડાના અત્યંત વ્યસ્ત એવા વરધરી રોડ પર એક વિશાળ સુકાયેલું વૃક્ષ ગમે ત્યારે ધરાશાયી થઈ શકે તેવી હાલતમાં ઉભું છે. જિલ્લાના મુખ્ય વહીવટી મથકોને જોડતા આ માર્ગ પર હજારો લોકોની અવરજવર હોવા છતાં, તંત્ર દ્વારા આ જોખમી વૃક્ષને હટાવવાની તસ્દી લેવામાં ન આવતા રાહદારીઓમાં ભારે ફાળ પડી છે.


તસવીર: ચિંતન પટેલ

લુણાવાડાનો વરધરી રોડ એ જિલ્લાનો મુખ્ય વહીવટી કોરિડોર ગણાય છે. આ માર્ગ પર જિલ્લા સેવા સદન, જિલ્લા ન્યાયાલય, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી અને આદિજાતિ કચેરી જેવી મહત્વની કચેરીઓ આવેલી છે. આ ઉપરાંત, રહેણાંક સોસાયટીઓ, શાળાઓ અને અમદાવાદ તથા ગાંધીનગર જવા માટેનો આ મુખ્ય માર્ગ હોવાથી અહીં દિવસ દરમિયાન હજારો વાહનચાલકો અને સરકારી કર્મચારીઓની સતત અવરજવર રહે છે. આટલી ગંભીર અને વ્યસ્ત જગ્યાએ જોખમી વૃક્ષ હોવા છતાં તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.

ભૂતકાળની ઘટનામાંથી પણ પાઠ ન શીખ્યું તંત્ર નોંધનીય છે કે અગાઉ ગણપતિ વિસર્જન સમયે પણ આ જ રોડ પર એક મોટું વૃક્ષ ધરાશાયી થયું હતું, જેમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. પરંતુ તંત્ર આ ઘટનામાંથી બોધપાઠ લેવામાં નિષ્ફળ રહ્યું હોય તેમ જણાય છે. બધા દિવસો સરખા નથી હોતા તે ઉક્તિ મુજબ, જો આ સુકાયેલું વૃક્ષ ચાલુ ટ્રાફિકમાં પડે તો મોટી જાનહાનિ થવાની પૂરેપૂરી શક્યતા છે.

મહિસાગર જિલ્લાના સરકારી વિભાગો વચ્ચે સંકલનનો અભાવ હાલમાં આ માર્ગ પરથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે.

## બોરસદ શહેરમાં યુનિટી માર્ચ યોજવામાં આવી

(પ્રતિનિધિ) બોરસદ તા.27



બોરસદ શહેરમાં રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને દેશસેવાના પ્રતીક એવા ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતી નિમિત્તે ઈ.એમ.એચ.એસ. ટ્રસ્ટ દ્વારા યુનિટી માર્ચનું સફળ અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.આ આયોજનનો મુખ્ય હેતુ સરદાર સાહેબના જીવનદર્શન, તેમના વિચારો, રાષ્ટ્રનિર્માણમાં આપેલા યોગદાન તથા એકતાના સંદેશને સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડવાનો હતો. "યુનિટી માર્ચ" દરમિયાન સરદાર પટેલના પ્રેરણાદાયક વિચારો, સૂત્રો અને સંદેશો દર્શાવતા બેનરો, ફ્લેક્સ અને પોસ્ટરો સાથે બોરસદ શહેરના વિવિધ માર્ગો પર ભ્રમણ કરવામાં આવ્યું હતું, જેના કારણે સમગ્ર શહેરમાં દેશભક્તિ અને એકતાનો માહોલ સર્જાયો હતો. આ માર્ચમાં ઈ.એમ.એચ.એસ. ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, સંલગ્ન શાળા તથા કોલેજોના માનનીય પ્રિન્સિપાલશ્રીઓ, શિક્ષકમંડળ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા શિસ્તબદ્ધ રીતે કરાયેલા માર્ચ દરમિયાન સરદાર સાહેબના વિચારોએ જનમાનસને સ્પર્શ્યા હતા અને યુવા પેઢીમાં રાષ્ટ્રપ્રેમ, શિસ્ત ને જવાબદારીની ભાવનાને વધુ મજબૂત બનાવી હતી.

# આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

## ચારુસેટમાં 'સોફ્ટ કમ્પ્યુટિંગ એન્ડ ઇટ્સ એન્જિ. એપ્લિકેશન્સ' ઇન્ટરનેશનલ કોન્ફરન્સ યોજાઇ



**આણંદ** | ચારુસેટ યુનિવર્સિટી દ્વારા વિયેતનામના હનોઈ ખાતે 'સોફ્ટ કમ્પ્યુટિંગ એન્ડ ઇટ્સ એન્જિનિયરિંગ એપ્લિકેશન્સ' વિષય પર 7મી ઇન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પ્રિંજર (યુ.એસ.એ.) અને DST દ્વારા પુરસ્કૃત આ કાર્યક્રમમાં 43 દેશોના સંશોધકોએ 12 ટેકનિકલ સેશનમાં 114 જેટલા રિસર્ચ પેપર્સ રજૂ કર્યા હતા. આ કોન્ફરન્સમાં 354થી વધુ ડેલીગેટ્સ સહભાગી થયા હતા, જેમાં ડો. હોંગ ન્હુંગ ન્ગુયેન સહિતના વૈશ્વિક નિષ્ણાતોએ કી-નોટ્સ અને એક્સપર્ટ ટોક આપ્યા હતા,. ડો. અતુલ પટેલ અને અન્ય આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ ફોરમે વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સને તેમના નવા સંશોધનો રજૂ કરવા માટે શ્રેષ્ઠ પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે.

## ભાઈકાકા યુનિવર્સિટીના એન.એસ.એસ. (NSS) યુનિટ દ્વારા વલાસણ શિબિર યોજાઇ



**આણંદ** | ભાઈકાકા યુનિવર્સિટીના એનએસએસ યુનિટ દ્વારા વલાસણ ખાતે લોકસમુદાય માટે આઠ દિવસીય વિશેષ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મેડિસિન, નર્સિંગ, ફિઝિયોથેરાપી અને મેડિકલ ટેકનોલોજી જેવી સંલગ્ન સંસ્થાઓના 200થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. અભય ધરમસીના માર્ગદર્શન હેઠળ અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાત ડો. આલોક પાંડેના હસ્તે ઉદ્ઘાટિત આ કેમ્પમાં વિદ્યાર્થીઓએ વલાસણની શાળાઓમાં દંત અને આંખના નિદાન કેમ્પ યોજ્યા હતા તથા ગ્રામજનોને ડાયાબિટીસ, હાઈપરટેન્શન અને રક્તદાન જેવી બાબતો અંગે જાગૃત કર્યા હતાં. આરટીઓ ઓફિસર અને આણંદ પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ પાસેથી રોડ સેફ્ટી, શિસ્ત અને પ્રતિબદ્ધતા અંગેનું મહત્વનું માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું.

## નાર સ્થિત ગોકુલધામ ઇન્ટરનેશનલ કેમ્પસ ખાતે 'સ્પોર્ટ્સ મીટ-2025'નું આયોજન કરાયું




**પેટલાદ** | નાર સ્થિત ગોકુલધામ ઇન્ટરનેશનલ કેમ્પસના સવિતાબેન બચુભાઈ બ્રહ્મભટ્ટ સ્પોર્ટ્સ ગ્રાઉન્ડમાં 'સ્પોર્ટ્સ મીટ-2025'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ બે દિવસીય રમતોત્સવમાં ક્રિકેટ, ફૂટબોલ, બાસ્કેટબોલ, રિલે રેસ અને ટેનિસ જેવી વિવિધ રમતોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે સહજાનંદ હાઉસે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ પ્રસંગે અમેરિકા, યુ.કે. અને યુ.એ.ઈ.થી પધારેલા મુખ્ય મહેમાન પિયુષભાઈ પટેલ, નારાયણભાઈ મજેવાડીયા, ચંદ્રકાંતભાઈ પટેલ, અમિતભાઈ પટેલ અને પ્રફુલભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા પરમ પૂજ્ય શુકદેવપ્રસાદદાસજી સ્વામી અને હરિકૃષ્ણદાસજી સ્વામીએ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપી જીવનમાં પ્રગતિ અને અનુશાસન સાથે મૂલ્યનિષ્ઠ જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડી હતી.

## સીવીએમ યુનિવર્સિટીના દ્વિદિવસીય રક્તદાન શિબિરમાં 2075 યુનિટ બ્લડ એકત્રિત થયું




**આણંદ** | વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળના ચેરમેન અને સીવીએમ યુનિવર્સિટીના સ્થાપક પ્રેસિડેન્ટ ભીખુભાઈ પટેલના 75મા જન્મવર્ષ 'અમૃત પર્વ' નિમિત્તે આયોજિત બે દિવસીય મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં 2075 યુનિટ રક્ત એકત્રિત કરીને એક નવો રેકોર્ડ પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે. સીવીએમ યુનિવર્સિટી, રેડ ક્રોસ સોસાયટી અને એ. ડી. ગોરવાલા કરમસદ બ્લડબેન્કના સંયુક્ત ઉપક્રમે શાસ્ત્રીમેદાન તથા એડીઆઈટી ખાતે યોજાયેલા આ કેમ્પમાં યુનિવર્સિટીની વિવિધ કોલેજોના પ્રિન્સિપાલ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને વિદ્યાનગર, કરમસદ તથા આણંદની જનતાના અભૂતપૂર્વ સહકારથી આ માનવતાવાદી કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો.

## બાલાસિનોર નગરપાલિકા દ્વારા 'વુમન ફોર ટ્રીઝ કેમ્પેઈન' અંતર્ગત વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો



**બાલાસિનોર** | બાલાસિનોરમાં અમૃત 2.0 પ્રોજેક્ટ હેઠળ પર્યાવરણ જાળવણી અને મહિલા સશક્તિકરણ માટે 'વુમન ફોર ટ્રીઝ કેમ્પેઈન' અંતર્ગત ભવ્ય વૃક્ષારોપણ યોજાયું હતું. આ કાર્યક્રમમાં સ્વસહાય જૂથની બહેનોને જેકેટ અને ટોપીનું વિતરણ કરી, હનુમાનજી મંદિર પાસેના બગીચામાં મહાનુભાવો દ્વારા વિવિધ છોડનું રોપણ કરાયું હતું. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ ગાયત્રીબેન ત્રિવેદી અને પદાધિકારીઓએ ઉપસ્થિત રહી બહેનોને માત્ર વૃક્ષ વાવવા જ નહીં, પરંતુ તેના ઉછેર અને જતનની જવાબદારી લેવા પ્રોત્સાહિત કર્યા હતાં.

## આણંદના ગામડી ગામની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં આંતર શાળાકીય સમૂહ ગીત સ્પર્ધા યોજાઇ



**આણંદ** | આણંદના ગામડી સ્થિત સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે નાતાલના પર્વ નિમિત્તે ખ્રિસ્ત જન્મ વધામણી સમૂહ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ શાળાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધાના સિનિયર વિભાગમાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ગામડી અને જુનિયર વિભાગમાં આર.સી. મિશન પ્રાથમિક શાળા (લોટિયા ભાગોળ) પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા. જેમાં મુખ્ય મહેમાન અને આણંદના નાયબ મામલતદાર દીપ્તિબેન દાવલાના હસ્તે વિજેતા શાળાઓને ટ્રોફી અને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યારે શાળાના આચાર્ય રેવ. ફાધર નોએલ પરમાર એસ. જે. ના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## કપડવંજ શહેરની જીવનશિલ્પ પ્રાયમરી સ્કૂલમાં વાર્ષિક રમતોત્સવ યોજાયો



**કપડવંજ** | જીવનશિલ્પ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત જીવનશિલ્પ પ્રાયમરી સ્કુલમાં વાર્ષિક રમતોત્સવની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ટ્રસ્ટી પરિવારમાંથી એમ.પી.પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ રમતોત્સવની શરૂઆત બાળકો દ્વારા મશાલ દોડથી કરવામાં આવી હતી. ધો.1થી 8ના આ રમતોત્સમાં વિવિધ રમતો યોજવામાં આવી હતી. આ રમતોત્સવમાં તમામ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લઈ ખેલ દિલથી રમ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓ અને શિક્ષકોના ઉમંગ, ઉત્સાહ અને મહેનતથી ખૂબ જ સફળ રહ્યો હતો. જે બદલ સંસ્થાના સૌ ટ્રસ્ટી ગણ અને શાળાના ડાયરેક્ટર સિધ્ધાર્થ પટેલે સૌને અભિનંદન પાઠવ્યાં હતાં.

## સ્વાદ, સંસ્કૃતિ અને મનોરંજનનો જીવંત સંગમ, મજેદાર રેપ યુદ્ધ દર્શાવવામાં આવ્યું

**વડોદરા** | ભારતીય રસોડામાં છેલ્લા 67 વર્ષથી વિશ્વાસનું પ્રતીક ગણાતા બાદશાહ મસાલાએ તેના નવા રાષ્ટ્રીય કેમ્પેઇન માટે બોલિવૂડ અભિનેત્રી કાજોલ દેવગણ અને લોકપ્રિય રેપર બાદશાહને પ્રથમ વખત એકસાથે રજૂ કર્યા છે. Havas Worldwide India દ્વારા સર્જિત આ અભિયાનમાં કાજોલ પારિવારિક મૂલ્યો અને વિશ્વાસ જ્યારે બાદશાહ યુવા ઊર્જા અને પોપ કલ્ચરનું પ્રતિનિધિત્વ કરે છે. જે બ્રાન્ડ માટે એક શ્રેષ્ઠ સંગમ સાબિત થાય છે. આ કેમ્પેઇનમાં બ્રાન્ડના આઇકોનિક જિંગલ 'સ્વાદ - સુગંધ કા રાજા'ને આધુનિક અને ઊર્જાવાન અંદાજમાં રજૂ કરી બંને કલાકારો વચ્ચે મજેદાર રેપ યુદ્ધ દર્શાવવામાં આવ્યું છે. જેનો મુખ્ય હેતુ મનોરંજન સાથે સ્વાદ અને સંસ્કૃતિના માધ્યમથી બ્રાન્ડની દેશવ્યાપી હાજરીને વધુ મજબૂત બનાવવાનો છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વણછરા ગામે સુક્ષ્મ પિયત પદ્ધતિ અંગે શિબિર યોજાઇ



**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટીના ખાંધા કેન્દ્ર દ્વારા સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત પાદરાના વણછરા ગામે 'સુક્ષ્મ પિયત પદ્ધતિ' પર ખેડૂત શિબિર યોજાઈ હતી. આ કાર્યક્રમમાં 120 જેટલા ખેડૂતોએ ભાગ લીધો હતો. જેમને નિષ્ણાતો દ્વારા ટપક સિંચાઈના ફાયદા, સરકારની સહાય યોજનાઓ, નહેર વ્યવસ્થાપન અને પાકોની નવી જાતો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ શિબિરમાં ખેડૂતોના મૂંઝવતા પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવી આધુનિક પિયત પદ્ધતિ અપનાવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## ખેડા જિલ્લા યુથ કોંગ્રેસના હોદ્દેદારોનું પ્રદેશ પ્રમુખ દ્વારા સન્માન કરવામાં આવ્યું



**કપડવંજ** | ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડા અને ખેડા જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કાળુસિંહ ડાભી દ્વારા અને કાર્યકારી પ્રમુખ ખેડા જીલ્લા મહેન્દ્રસિંહ રાણા, ખેડા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સાથે મળીને 2025માં યુથ કોંગ્રેસની ચૂંટણીમાં ચૂંટાયેલા વિજેતા ખેડા જીલ્લા યુથ કોંગ્રેસ મહામંત્રી ઉમંગભાઈ પટેલ નું સન્માન કરવામાં આવ્યું હતું. કપડવંજ વિધાનસભા યુથ કોંગ્રેસ પ્રમુખ અજીતભાઈ ઝાલાનું સન્માન કરવામાં આવ્યું હતું.

## મોગરી સ્થિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલયનો વિદ્યાર્થી તબલાંવાદનમાં વિજેતા બન્યો



**આણંદ** | ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વલાસણના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કક્ષા કલા ઉત્સવ-2025 અંતર્ગત વિવિધ પ્રતિયોગિતાઓનું વલ્લભ વિદ્યાનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનુપમ મિશન મોગરી સંચાલિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલયનાં ધો. 8(બ)ના વિદ્યાર્થી પ્રિન્સ વિજયકુમાર પરમારે જિલ્લા કક્ષા કલા ઉત્સવ-2025ની તબલાંવાદન હરીફાઈમાં પ્રથમ નંબરે જીત પ્રાપ્ત કરી હતી. પ્રિન્સ પરમાર હવે પ્રાદેશિક સ્તરની પ્રતિયોગિતામાં ભાગ લેશે. આ પ્રસંગે યોગી વિદ્યાપીઠના કુલગુરુ ડો. રતિકાકાએ આશીર્વાદ આપ્યાં હતાં.